ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૯/૧૯-૨૦/ 1323 તારીખ : 19 MAR 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**ભીખુભા મેરૂભા ગોહિલ**
પ્લોટ નં-૨૨, મીલીટરી સોસાયટી,
ચિત્રા, **ભાવનગર.**
**મો.નં. ૯૪૨૬૨ ૧૮૩૫૩.**

કેસ નં.૯૯/૧૯-૨૦

**વિષય : બિલ ની પહોંચમાં નામ ફેરવી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૧૧/૨૦૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૨૯/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૧૯-૨૦/૪૯૭૪ તા.૧૦/૧૨/૨૦૧૯.
(૩) વિભાગીય કચેરી-૨,ભાવનગર નો પત્ર નં. બીસીડી-૨/ટેક-૧/૭૧૮૭ તા.૨૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩/૦૩/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**
પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર શહેર-૨.**

***........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ની કલમ નં. ૨.૬૫ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચિત્રા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૯/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૬.૧૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ (પોતે – હાજર રહેલ નથી)

પ્રતિવાદી :– શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ, મુ.ભાવનગરની બિલની પહોંચ માં નામ ફેરફાર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૧/૧૯–૨૦/૪૯૭૪ તા.૧૦.૧૨.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૩.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ પોતે હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>વાદીશ્રીની રજૂઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...</u>**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેમના પિતા સ્વ.મેરૂભા કસળસિંહ ગોહિલ, ચિત્રા પ્લોટ નં–૨૨, મીલીટરી સોસાયટી, ચિત્રા ખાતે ઘરવપરાશ નું વિજ જોડાણ જેનો ગ્રાહક નં–૮૧૫૩૭/૦૧૫૨૩/૦ થી ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા વિજ જોડાણ માં સ્વ.મેરૂભા કસળસિંહ ગોહિલ પરથી ભીખુભા મેરૂભા ગોહિલ ના નામે વિજ કંપની ના નિયમાનુસાર નામ ફેરફાર કરી આપવામાં આવેલ.

૧.૩ ત્યારબાદ, વાદીશ્રી ને એપ્રિલ–મે–૨૦૧૯ બિલ્ડ ઈન જુન–૨૦૧૯ ના બિલીગ પીરીયડ માં આપવામાં આવેલ બિલ, બિલમાં નવું નામ ભીખુભા મેરૂભા ગોહિલ ના નામે બિલ આપવામાં આવેલ .

૧.૪ વાદીશ્રી ને આપેલ વિજ બિલ ના નાણાં વિજ બિલ કલેકશન ખાતે ભરપાઈ કરતા સમયે રસીદ મેરૂભા કસળસિંહ ગોહિલ ના નામથી મળેલ.

૧.૫ વાદીશ્રી ની રજૂઆત મુજબ નામ ફેરફાર સાથે નવા નામની રસીદ નહી મળતા, સીજીઆરએફમાં ભીખુભા મેરૂભા ગોહિલ ના નામની રસીદ આપવા માટેની રજૂઆત કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ ગ્રા. નં–૮૧૫૩૭/૦૧૫૨૩/૦ મીલીટરી સોસાયટી, પ્લોટ ન–૨૨, ચિત્રા ૦.૫ કિ.વો. નું ઘરવપરાશ નું વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ સદર વિજ જોડાણમાં મેરૂભા કસળસિંહ ગોહિલ પરથી ભીખુભા મેરૂભા ગોહિલ ના નામે વિજ કંપની ના નિયમાનુસાર નામ ફેરફાર કરી આપવામાં આવેલ.

૨.૩ વાદીશ્રીને એપ્રિલ–મે–૨૦૧૯ બિલ્ડ ઈન જુન–૨૦૧૯ ના સમયગાળાનું વિજબિલ આપવામાં આવેલ, આપેલ વિજ બિલ માં શ્રી ભીખુભા મેરૂભા ગોહિલ ના નામે બિલ આપવામાં આવેલ .

૨.૪ આપેલ વિજ બિલ વાદીશ્રી દ્વારા વિજ બિલ કલેકશન એજન્સી માં રસીદ નં **VS-279970** થી રકમ રૂા. ૬૬૦૦/– તા.૨૨/૭/૨૦૧૯ થી નાણાં ભરપાઈ કરતા સમયે રસીદમાં વાદીશ્રી ના પિતા મેરૂભા કસળસિંહ ગોહિલ ના નામે રસીદ બનવા પામેલ. કારણ કે, વિજ બિલ કલેકશન એજન્સી ઓફ લાઈન પ્રોગ્રામ હોવાથી જૂના માસ્ટર મુજબ જુના નામે રસીદ આપવામાં આવેલ.

૨.૫ વાદીશ્રી ને એલ.ટી બિલિંગમાં થી કલેકશન ડિટેઈલ માં શ્રી ભીખુભા મેરૂભા ગોહિલના નામે સદર રસીદ સાથેનો રેકર્ડ આ સાથે સામેલ છે.

૨.૬ જે આપ સાહેબની જાણ સારૂ તથા યોગ્ય થવા સારૂ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ભીખુભા મેરૂભા ગોહિલ, ભાવનગર શહેરમાં ઘર વપરાશનું ગ્રા. નં–૮૧૫૩૭/૦૧૫૨૩/૦ થી સીગલ ફેઈઝ નું વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીનું વિજ જોડાણ એપ્રિલ –૨૦૧૯ પહેલા તેના પિતાશ્રી મેરૂભા કસળસિંહ ગોહિલ ના નામનું હતું. ત્યારબાદ, સદર વિજ જોડાણ વાદીએ પોતાના નામનું એટલે કે, ભીખુભા મેરૂભા ગોહિલ ના નામનું કરાવેલ.

૩.૩ જુન–૨૦૧૯ નું વિજ બિલ વાદીને ભીખુભા મેરૂભા ગોહિલ ના નામનું મળેલ, પરંતુ, તે બિલ ની રકમ રૂ.૬૬૦૦/– પ્રતિવાદી ભરપાઈ કરતા પ્રતિવાદી ની કચેરીએ તે બિલ ની પહોંચ વાદીના પિતા મેરૂભા કસળસિંહ ગોહિલ ના નામની આપેલ.

૩.૪ પ્રતિવાદી એ તેની બિલીંગ સીસ્ટમ માં વિજ જોડાણ ના નામમાં ફેરફાર કરી વાદીના નામમાં એટલે કે ભીખુભા મેરૂભા ગોહિલ ના નામનું કરેલ અને તેથી બિલ વાદી ને પોતાના નામનું મળેલ. પરંતુ, પ્રતિવાદી એ વિજબિલની રસીદ ઓફ લાઈન પ્રોગ્રામમાં બનાવેલ હોવાથી, ભૂલથી મેરૂભા કસળસિંહ ગોહિલ ના નામની આપેલ.

૩.૫ આજરોજ પ્રતિવાદી એ રજૂ કરેલ વાદીના રેકર્ડ મુજબ રૂ.૬૬૦૦/– નું બિલ ની રકમ તેના ખાતામાં જ જમા થયેલ છે. તેમજ ત્યારબાદના બધાજ બિલ નીં રકમ વાદી અરજદાર ના ખાતામાં જમા થયેલ છે.

૩.૬ વાદી આજરોજ ફોરમ સમક્ષ હાજર રહેલ નહી તેમજ ટેલીફોનીક જાણ હોવા છતાં, હાજર રહેલ નથી. અને વાદીશ્રી ફરીયાદનું નીરાકરણ આવી ગયેલ હોઈ, કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ અને ૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર. વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૦૩.૦૩.૨૦૨૦.